# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૮૬ • તા.૨ ડિસેમ્બર થી ૮ ડિસેમ્બર ૨૦૨૩



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની યોજના પ્રત્યે દાતાઓની કૂણી લાગણી

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# અનુભવ એટલે ઉતમ પાઠશાળા

સારા કે ખરાબ દરેક પ્રકારના અનુભવો થવા જરૂરી છે. કાર્યમાં સફળતા મળે કે નિષ્ફળતા એનું જરાપણ મહત્વ નથી. કામનો અનુભવ મળે એનું જ મહત્વ છે અને  હોવું જોઈએ કારણ કે અનુભવથી માણસ ઘડાય છે. સારા કે વિકટ સમયમાં ગુજરનાર જ્ઞાનથી, સમજથી અને અનુભવથી તરબતર થાય છે. વિચારો સિધ્ધાંતો અને કલ્પનાઓની પરખ સમયની કસોટીના એરણ પર થતી હોય છે. દુઃખના હોય કે સુખના. અનુભવો આખરે અનુભવો છે. અનુભવો નો કોઈ વિકલ્પ નથી. પર્યાય નથી. અનુભવ એક એવું ટાંકણું છે જે એક પથ્થરને ઘડીને મૂર્તિનો આકાર આપે છે. અનુભવ જીવન ઘડતરનું શિક્ષણ છે. જે માણસની જ્ઞાન સીમાને સમજણની હદને વિસ્તૃત કરે છે.

વ્યક્તિ નાની ઉંમરનો હોય ત્યારે માતાપિતાના સુરક્ષાચક્રમાં જીવતો હોય છે, વિકસતો હોય છે. જેથી અનુભવ ગ્રહણથી તે વંચિત રહે છે. મોટો થાય ત્યારે આગ્રહ દુરાગ્રહ અને પૂર્વગ્રહના કારણે અનુભવો મેળવવાથી વંચિત રહી જાય છે. જાત અનુભવ ન થાય ત્યાં સુધી માણસના મનમાં અન્ય પ્રત્યેની ગેર સમજણો અને ગેર માન્યતાઓ ગ્રસ્ત થઈ જાય છે. એટલે સામેવાળી વ્યક્તિને અલગ નજરથી જુએ છે. માણસો પ્રત્યેના તેના વિચારો, વ્યવહારો અને વર્તન અલગ પ્રકારનું હોય છે. જે અનુભવને કારણે બદલાઈ શકે છે. મૈત્રી, પ્રેમ અને લગનથી લઈને સંતાનોના જન્મ, ઉછેર અને પરિવારજનોના મૃત્યુ સુધી જીવનની અઢળક ઘટનાઓથી મળતા અનુભવો એક નવી દિશા આપે છે.

અનુભવો બે પ્રકારે મળે છે. સ્વજાતને મળતા અને અન્યના જીવનને નજીકથી જાણી, સાંભળી કે માણીને આપણે ગ્રહણ કરતા અનુભવો. જાતને મળેલ અનુભવો આત્માની સોંસરા ઉતરી જાય છે જ્યારે અન્ય પરના અનુભવો ઉપલકિયા જ્ઞાન જેવા હોય છે. જે માથા પરથી સોંસરા નીસરી જાય છે. જ્યારે જાતને મળેલા અનુભવો મન, હૃદયને પણ આરપાર થઈ અમીટ છાપ છોડી જાય છે. જે જિંદગીભર સ્મૃતિમય રહે છે. એની સમજ જો ગ્રહણ કરીએ તો ઉત્કૃષ્ટ જ્ઞાન આપી જાય છે. જાત અનુભવ વિના ભાત થતી નથી. કોઈની કથની સાંભળી એ તો સમજણ મળે, જાણવા મળે પણ અનુભવનો સચોટ અને અક્સીર ગુણ જાત અનુભવ થકી જ મળે છે.

કોઈને ગોળી વાગે તેનાથી આપણને અરેરાટી થાય. પણ, એનો ઘા વાગવાથી જે પીડા, યાતના, દર્દ થાય તે તો જાત અનુભવથી જ મળે એ દેખીતી વાત છે. ઘણી એવી બાબતો એવી હોય છે જાતે અનુભવ્યા વિના માત્ર વિચાર કરવાથી સચોટ પણે સમજ નથી પડતી. આ તો આપ મુઆ વિના સ્વર્ગ ન જવાય એવી વાત છે. અનુભવોની તીવ્રતા વર્ષો જેમ વીતે તેમ તેમ તેજ થાય છે, ધારદાર થાય છે. એનાથી પુખ્તતા મળે છે તો કેટલાક અનુભવો વર્ષો વિતતા પાઠ ગ્રહણની અસરકારતા ગુમાવી બેસે છે. એટલે જાતને મળેલ અનુભવ પાઠશાળાની ગરજ સારે છે. અનુભવના અભ્યાસથી જ માણસ ઘડાય છે.

– જય જ્ઞાતિમૈયા

# સત્કાર્યોનો ગુમાન રાખવું વ્યર્થ છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ગરીબોને દાન અને જરૂરીયાતવાળાઓને સહાય મદદ શ્રીમંત માણસો જ કરી શકે એવું નથી. માત્ર ધન ભરચક હોય એ જરૂરી નથી પણ અન્યને મદદ કરવા મોટું મન હોવું જોઈએ. નાનામાં નાનો માણસ પણ યથાશક્તિ દાન અને સહાય કરી શકે છે. અંતરમાં બીજાઓ માટે ભણી ભાવના હોય તેમના દુઃખ, દર્દથી, દિલ દ્રવી ઉઠતું હોય એ કરૂણા અને લાગણી પછી કરાતી યથોચિત મદદ નાની નથી પણ અનેક ઘણી મોટી છે. આવા ઉદાર છતાં નાના જણ પોતાની રીતે અન્યને મદદરૂપ થઈ બાજુ હટી જાય છે, ગુમનામ થઈ જાય છે એટલે ધર્મ અને સમાજમાં માલેતુજાર માણસોની ઈજારા શાહી ઊભી થઈ છે. ધર્મનું કાર્ય એ અંતરની ભાવના છે. એમાં બહારના દેખાવની, પ્રતિષ્ઠા કે નામની તકતીના ઠઠારાની કશી જરૂર નથી. કોઈપણ સારું કરીએ તે ધર્મ છે.

ધગધગતી બપોરે આકરા તાપમાં શિર ઉપર બોજો લઈને જતો મહેનત કશ મજૂરને ઘડીભરની વિશ્રાંતિ મળે એ માટે તેને મદદરૂપ થઈએ, તૃષાતુર વ્યક્તિની તરસ છીપાવીએ, ક્ષુધાતુર જનના પેટની અગ્નિ ઠારીએ એ પણ ધર્મ છે કે વયોવૃધ્ધ વડીલને પૂરપાટ જતાં વાહનોથી બચાવી રસ્તો ઓળંગવા મદદ કરીએ અથવા અજાણ્યો જે પોતાના ગંતવ્ય સ્થાન શોધવા ફાંફા મારતો હોય તેની મદદ કરીએ તેની ટેકણ લાકડી બનીએ એ પણ ધર્મ છે. આપણાથી કોઈને માટે સારું કાર્ય થાય એ પણ ધર્મ છે.

આપણાથી જે દાન, સહાય, મદદ સેવા કરાઈ કે કોઈ સારું કાર્ય થયું એટલે વિચાર થવો જોઈએ કે આ બધું કાર્ય થયું એ પ્રભુની કૃપા છે. હું કોઈને માટે નિમિત્ત બન્યો એ મારું સદ્‌ભાગ્ય એ વિચાર આવવો જોઈએ સત્કાર્ય કર્યા પછી એ મન પરથી ભૂંસી દેવું જોઈએ. સત્કાર્ય કર્યાનો બોજો એટલો ભારે હોય છે કે ઘંટીના પડની જેમ ગળામાં વળગી રહે છે. સારા કાર્યોની કીર્તિ, પ્રશંસા અને તેના મોહની માયાજાળમાંથી છટકવું મુશ્કેલ છે. જ્ઞાનીઓ કહે છે કે સત્કાર્ય કર્યાનો ગુમાન માથા પરથી ખંખેરી લેવું જોઈએ અને બીજા સત્કાર્ય ભણી આગળ વધવું જોઈએ. ધર્મ માટે, સમાજ માટે, સગાસંબંધીઓ માટે થોડું ઘણું સારું કર્યું હોય. થોડી ઘણી મદદ કરી હોય. દુઃખદ પળોમાં મુસીબતના સમયમાં દેખાવ ખાતર પણ કોઈની પડખે ઘડીભર ઊભા રહ્યાં હોઈએ તો આપણે સ્વાર્થ ખાતર એના ઢોલ નગારા પીટી તેની ઉઘાડ છોગે જાહેરાત કરતા રહીએ છીએ અને સામાવાળા માણસને વારંવાર યાદ અપાવી એ છીએ અને તેને અહેસાન હેઠળ રાખવાનો પ્રયાસ કરીએ છીએ.

કુટુંબ, સમાજ અને ધર્મ માટે કંઈક કરીએ અને બદલાની ભાવના રાખીએ તેમાંથી માન, પ્રતિષ્ઠા, યશ અને કીર્તિની અપેક્ષા રાખીને આવી મનોકામના ઊભી થાય ત્યારે સમજવું કે આપણે જ કાંઈ કર્યું છે તે વ્યર્થ છે. જે કંઈક કર્યું તેનો અહમ, હું અન્ય કરતાં સવાયો છું આવો ખ્યાલ માણસના મનમાં આવે છે ત્યારે મોટાઈ નીચે ઊતરી જાય છે. ધર્મ અને સેવા દેખાવ માટે કરવાની ક્રિયા નથી. દેખાવ, દંભ અને આડંબર જાગે છે ત્યારે એ ધર્મ રહેતો નથી. નિસ્વાર્થ ભાવે કર્તવ્ય અને ફરજ સમજીને કોઈપણ જાતની કીર્તિ પામવાની ભાવના કે પ્રસિધ્ધિ વગર જે કંઈ પણ કાર્ય થાય છે તેની સાથે પ્રભુની સદ્‌કૃપા સદૈવ રહે છે. એટલું સમજવું જરૂરી છે.

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની યોજના પ્રત્યે દાતાઓની કૂણી લાગણી




માનવ શરીર સંપૂર્ણત ઈશ્વરનું સર્જન છે. તેણે પ્રકૃતિને વિવિધ ફૂલ, ઝાડ, પર્વત, નદી, ઝરણા વિવિધ નાના મોટા પશુ, પક્ષીઓથી તેને નિખારી છે. તેવી જ રીતે માનવીને જ્ઞાન સમજ બુધ્ધિ પ્રદાન કરીને કમાલની કૃતિ સર્જી છે એવું આપણને ઘડી ભર લાગે. એટલે પરમાત્મા અદ્‌ભૂત કૃતિઓનો રચનાકાર ઘડવૈયો છે. એના દ્વારા સર્જીત દરેકે દરેક કૃતિ અદ્‌ભૂત, બેન મૂન હોય છે. કુશળ કુંભાર જેમ પોતાના ચાકડા પર હાથની કલા કરી માટીને વિવિધ ઘાટ આપી નાના મોટા ઠામ ઘડે છે. માવજત કરી હોવા છતાં ક્યારે ભૂલચૂકથી સહજ કોંક પાત્રમાં અધૂરપ રહી જાય છે. કોઈક અંગમાં થોડી ઓછપ અધૂરપ રહી જાય તો કુદરત તેને અન્ય રીતે ઈતર અંગમાં વધુ તાકાત, બળ કે કૌવત પ્રદાન કરી સાટું વાળી દે છે.

આવી અધૂરપ, અપૂર્ણતા ધરાવતા જેને આપણે દિવ્યાંગજન કહીએ છીએ. તેઓ હિંમત રાખી, પ્રભુને કોસયા વગર,

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની યોજના પ્રત્યે દાતાઓની કૂણી લાગણી




નસીબની બલિહારી ગણી પોતાની જીવનયાત્રા સફળ રીતે આગળ વધારે છે. પોતાના કૌવત બળથી પરિવાર અને સમાજમાં પોતાની ખાસ જગ્યા બનાવે છે. અન્ય પર આધારિત રહ્યાં વગર શ્રમ કરી સ્વરોજગાર રળવાની શક્તિ ધરાવે છે.

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ એ જ્ઞાતિના આ વિશિષ્ટજનોને દેશભરમાં દિવાળી શુભેચ્છા રૂપે પ્રતિક ભેટ આપી તેમના ચહેરા પર ખુશી છલકાવવા નિમિત્ત બન્યું. તો વિવિધ દાતાઓ એ પણ વિક્રમ સંવતના નવા વર્ષે દિવ્યાંગજનો માટે વિવિધ યોજનામાં સહયોગ યોગદાન આપી માનવતા, પ્રેમ અને લાગણીની સરવાણી વહેડાવી તેની નોંધ લેવી જ ઘટે.

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની યોજના પ્રત્યે દાતાઓની કૂણી લાગણી




માતુશ્રી જયાબાઈ નરશી ધરમશી પરિવાર નલિયા મુલુંડ હસ્તે Amvigor Organics Pvt. Ltd. મુલુંડએ CSR ઈન્ટીટીવિઝ અંતર્ગત રૂા.૧,૫૦,૦૦૦ નો બહુમૂલ્ય ફાળો આપી દિવ્યાંગ પાલક તરીકે જોડાયા છે.

આજ સિલસિલાને આગળ વધારતા સ્વ.કાંતિલાલ કરમશી વિકમશીના સ્મરણાર્થે શ્રીમતી કાશ્મીરા કાંતિલાલ વિકમશી જખૌ-વાલકેશ્વર મુંબઈ એ રૂા.૫૦,૦૦૦નો ઉદાર ફાળો નોંધાવી દિવ્યાંગ પાલકની યાદીમાં નામ દર્જ કરાવ્યું છે.

મે.નમન ટ્રાવેલ્સ મુંબઈ એ પણ રૂા.૨૫,૦૦૦નું અનુદાન આપી દિવ્યાંગ શક્તિમાં પોતાનો સાથ આપ્યો છે.

ઉપરોક્ત સર્વે ઉદાર દિલ સ્વજનો માનવ સમાજ માટે એક આદર્શ પરંપરા દાખવી અન્ય પ્રત્યે અનુકંપા ભાવ બતાવ્યો છે. જે માટે સખાવત દાતાઓની અઢળક અનુમોદના કરીએ છીએ.

# ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| HOME LOAN | 2 WHEELER LOAN | CAR LOAN | PRE OWNED CAR LOAN | eAUTO LOAN |
|---|---|---|---|---|
| *7.99% (p.a.) | *7.99% (p.a.) | *7.99% (p.a.) | *9.49% (p.a.) | *7.99% (p.a.) |

| COMMERCIAL VEHICLE LOAN | PRE OWNED CV LOAN | EDUCATION LOAN | TRADE LOAN | LOAN AGAINST PROPERTY |
|---|---|---|---|---|
| *9.49% (p.a.) | *9.99% (p.a.) | *8.49% (p.a.) | *8.49% (p.a.) | *9.49% (p.a.) |

| MORTGAGE LOAN | COMMERCIAL (CRE) LOAN | LOAN AGAINST INSURANCE POLICY | GOLD LOAN | MACHINES LOAN |
|---|---|---|---|---|
| *7.99% (p.a.) | *8.49% (p.a.) | *7.75% (p.a.) | *7.99% (p.a.) | *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score. Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

# રાપર ગઢવારીની ધર્મ ધરા પર બેનમૂન જાજરમાન શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલયની પાવન પ્રતિષ્ઠામાં પધારવાનું આગોતરૂં આમંત્રણ

સદીઓના ઈતિહાસમાં સૌ પ્રથમવાર માદરે વતન કચ્છ અબડાસાના રાપરગઢવાળી નગરની ધર્મ ધરા પર બેનમૂન કોતરણી યુક્ત જાજરમાન શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલયની પાવન પ્રતિષ્ઠાના ઐતિહાસિક અવસરે પધારવાનું આગોતરૂં આમંત્રણ શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને શ્રી ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ શ્રી રાપર ગઢવાળી નાની સિંઘોડી જૈન સંઘ અને શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ વતી લાભાર્થી પરિવાર માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર તરફથી અપાયું છે.

ભવનિસ્તારક નિશ્રા સાહિત્યકર દિવાકર, રાજસ્થાન દીપક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મહારાજા, કચ્છ વાગડ દેશો દ્વારક શ્રી જીત વિજયજી મહારાજાના વંશ દીપક, દીક્ષા ધર્મના મહાનાયક પ .પૂ.આ.ભ.શ્રીમદ વિજય યોગ તિલક સૂરિશ્વરજી મહારાજા આદિ વિશાળ શ્રમણ શ્રમણીવૃંદ.

મહોત્સવ પળ મહાસુદ ૧૩ થી મહાવદ ૧ તા.૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ ગુરૂવારથી રવિવાર તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ મહોત્સવ સ્થળ રાપર ગઢવાળી તા.અબડાસા કચ્છ.

મહોત્સવમાં હાજરી આપવાની સંમતિ-સૂચના મળે એ માટે ફોર્મ ભરવું જરૂરી છે. જેમાં પધારનારનું નામ, ઉંમર, મોબાઈલ નંબર કચ્છમાં મૂળ ગામ તથા રહેવાની વ્યવસ્થા કરવાની છે? ઈત્યાદિ ભરીને શુક્રવાર તા.૧૫ ડિસેમ્બર ૨૦૨૩ સુધી ભરીને rapargadhwarijainmahajan@gmail.com અને કલ્પેશ મોતા નં.૯૮૨૧૨૩૦૮૦૨ને વોટસએપ કરશો જેથી આવનાર યાત્રિકોની વ્યવસ્થા થઈ શકે. આવનાર દરેકએ પોતાની રેલ્વે ટિકીટની વ્યવસ્થા જાતે કરવાની રહેશે. સમિતિ તરફથી મહોત્સવની પૂર્ણાહૂતિ બાદ ટિકીટના પૈસા યાત્રિકોને રીફંડ કરવામાં આવશે. જે વ્યક્તિને રહેવાની વ્યવસ્થા કરવાની હોય તે વ્યક્તિ ક્યારે અને કેટલા જણ સાથે આવશે તે ફોર્મમાં લખી જણાવશો જેથી સુચારૂ વ્યવસ્થા સચવાઈ શકે પ્રસંગ દરમ્યાન કાંઈ ફેરફાર હશે તો બધા યાત્રિકોને માન્ય રહેશે અંતિમ નિર્ણય મહોત્સવ સમિતિનો રહેશે.

માહિતી સંપર્ક માટે વોટસએપ નં. કલ્પેશ મોતા-૯૮૨૧૨૩૦૮૦૨, વિરચંદ લોડાયા-૯૫૯૪૬૦૦૯૦૦, નરેન્દ્ર મોતા-૯૮૨૦૬૯૦૯૦૪.


જૂના અને જાણીતા
અનવર ઢોલી
આપને ત્યાં શુભ પ્રસંગે





દાંડિયા રાસ,
લગ્નગીત, રાસગરબા, ધમાલ,
બાર દાંડિયા, ચાર દાંડિયા
મટુકડી, ઢોલ રાંધ, સામૈયું
9820694055
8169566734
૬૯, જુની માતૃછાયા ૩, ગાળે પટેલ ચોક,
શિવાજી નગર, વાગ્લે એસ્ટેટ, ચેકનાકા, થાણા.


## પ.પૂ.સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા. ગૌમાતા ઉપર પીએચડી કરી છે



પ.પૂ.સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.એ ગૌમાતા અને એના છાત્ર મૂત્રની સારવારની દ્રષ્ટિએ ઉપયોગિતા ઉપર Ph.D કરી છે. એમના દ્વારા રીલીજી થયેલ મુદ્રા થેરેપીનો વીડિયો ઘણો લોકપ્રિય થયો છે. પૂજ્ય સાહેબએ ગૌમૂત્ર તથા છાણના માધ્યમથી ઘણી અકસીર દવાઓ બનાવી છે. જે અસાધ્ય બીમારીમાં પણ બહુ ઉપયોગી સાબિત થઈ છે. એમના મુદ્રા પ્રયોગ તથા ગૌમાતા વિષેના ઉપયોગી અને જાણવા લાયક વીડિયો તથા જ્ઞાન માહિતી સામાન્ય જણ સુધી પહોંચી શકે તે માટે એક યુટ્યૂબ ચેનલ બનાવવામાં આવી છે. આ ચેનલ ચાલુ રહે તે માટે આપણું સબસ્ક્રીપ્શન કરવું ખૂબ જરૂરી છે. આ ચેનલ https://youtube.com/@ShreeDr.DevrakshitaMarasahebji?si=6rKMK3AN4fVd-XX2 ને સબસ્ક્રીઈબ જરૂરથી કરશો.

॥ શ્રી મંજલ રેલડીયા તીર્થમંડન શ્રી આદિનાથાય નમઃ ॥

॥ શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદય ગુરુભ્યો નમઃ ॥

# શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ

ટ્રસ્ટ નોંધણી ક્રમાંક: A / 2098 / કચ્છ

## સ્નેહ મિલન

પ્રસંગે મંજલ રેલડીયા ગામવાસીઓ, નિયાણી બહેનો તથા આમંત્રિત મહેમાનોને સહપરિવાર પધારવા

**ભાવભર્યું આમંત્રણ...**

દિવ્યકૃપા વૃષ્ટિ :
શાસન સમ્રાટ,
રાષ્ટ્રસંત, ભારત દિવાકર,
અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી**
મહારાજા સાહેબ

દિવ્યકૃપા વૃષ્ટિ :
જિનશાસન શિરોમણિ,
તપચક્ર-ચક્રવર્તી, તપસમ્રાટ,
અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી**
મહારાજા સાહેબ

**અચલ શુભાશિષ**

સાહિત્ય દિવાકર, સૌમ્યમૂર્તિ, રાજસ્થાન દક્ષિણ દીપક, અચલગચ્છાધિપતિ,
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ
સરળ સ્વભાવી, પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ
આગમ દિવાકર, પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ

પાવન પ્રેરણા અને મંજલ રેલડીયા હિતદર્શક
મંજલ સંયમરત્ન, પ.પૂ. મુનિરાજ, પ્રિયંકરસાગરજી મ.સા.

સાદર જય જિનેન્દ્ર! પ્રણામ!!

સમૃદ્ધિની સુગંધ ફેલાવતું નંદનવન ગામ એટલે મંજલ રેલડીયા! **છ વર્ષના સમયના વહેણ** બાદ ફરી **સ્નેહમિલન**નું આયોજન **ભાંડુપ (મુંબઇ)** ખાતે **રવિવાર, તા. ૧૦.૧૨.૨૦૨૩**ના શુભદિને થવા જઇ રહ્યું છે. સ્નેહમિલનને રસદાર-દમદાર-ફળશ્રુતિની અપેક્ષા સ્વરૂપે નવકાર મંત્રારાધક, ૨૬ વર્ષથી અવિરતપણે વરસીતપારાધક, **શ્રી નરેન્દ્રભાઇ નંદુ** સહ **શ્રી કચવન્ન, શ્રી જય અને શ્રી મેઘ નંદુ**ની બંધુ ત્રિપુટી તેમજ પૂજ્યશ્રી ગુરુભગવંતોની ઉપસ્થિતિમાં પ્રસંગ શોભાયમાન બનશે. **તો છો ને તૈયાર... એક દિવસ આપણાં માદરેવતન મંજલ રેલડીયા માટે સમર્પિત કરીએ.**

**વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ-૧૨, રવિવાર, તા. ૧૦.૧૨.૨૦૨૩**
**સ્નેહમિલન વાટિકા: જૈનમ્ હોલ**
**ભોંય તળીયે, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૮.**

**કાર્યક્રમની રૂપરેખા:**

| | |
|---|---|
| સવારે ૮:૦૦ થી ૮:૪૫ કલાકે | નવકારશી |
| સવારે ૮:૪૫ કલાકે | દીપ પ્રાગટ્ય |
| સવારે ૮:૫૦ કલાકે | ગુરૂવંદન, માંગલિક |
| સવારે ૯:૦૦ કલાકે | આવકાર પ્રવચન |
| સવારે ૯:૧૦ થી ૯:૩૦ કલાકે | ડોક્યુમેન્ટરી ફિલ્મ |
| સવારે ૯:૩૦ કલાકે | વિવિધ ચડાવા અને તેના આદેશો |
| સવારે ૧૧:૩૦ થી ૧:૩૦ કલાકે | સાધર્મિક ભક્તિ |
| બપોરે ૨:૦૦ કલાકે | વાર્ષિક સામાન્ય સભા |

**શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના આજીવન સભ્યોની વાર્ષિક સામાન્ય સભા બપોરે ૨:૦૦ કલાકે...**

**એજન્ડા:**

૧) ગત મિનીટસનું વાંચન અને બહાલી.
૨) હિસાબ વર્ષ ૨૦૨૨-૨૩ના ઓડીટ રિપોર્ટની સર્વાનુમતે બહાલી આપવી.
૩) હિસાબ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઓડીટરની નિમણૂંક કરવી.
૪) પ્રમુખ સ્થાનેથી જે રજુ થાય તે...

તા.ક. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક પછી ફરીથી એજ સ્થાને મળશે. તેમાં ફેરફાર થયેલ કાર્યવાહી કાયદેસરની ગણાશે.

લિ. મંત્રીઓ

**શ્રી રમેશ ખીમજી ગોસર ✧ શ્રીમતી લતાબેન સોમચંદ ધરમશી**

**નિમંત્રક**

**શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ**

શ્રી પ્રફુલ ધનજી લોડાયા
પ્રમુખ - 9920560032

શ્રી ધીરજ દેવશી ગોસર
ઉપપ્રમુખ - 9820137341

શ્રી રમેશ ખીમજી ગોસર
માનદમંત્રી - 7021814052

અ.સૌ. લતાબેન સોમચંદ ધરમશી
સહ માનદમંત્રી - 9825825451

શ્રી રમેશ હીરજી લોડાયા
ખજાનચી - 9892003940

પદાધિકારીઓ અને ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર! પ્રણામ!!

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરના દીપાવલી સ્નેહમિલનમાં આજીવન કંદમૂળ ત્યાગી તપસ્વીઓનું સન્માન કરાયું






શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનની રાયપુરનો તા.૧૯ નવેમ્બર રવિવારના દિને દીપાવલી સ્નેહમિલન રાખવામાં આવેલ. આ સમારોહમાં આજીવન કંદમૂળનો ત્યાગ કરનાર ૨૫ જેટલા તપસ્વી લોકોનું બહુમાન દુપટ્ટા, ચાંદીનો સિક્કો અને સન્માનપત્ર આપી કરાયું. કંદમૂળ ત્યાગ કરનારાઓમાં ૬ માસની બાલિકાથી લઈ ૯૪ વર્ષના વર્ષની વડીલ પણ હતા. ઉપસ્થિત સૌએ સન્માનિત થયેલ તપસ્વીઓની અઢળક અનુમોદના કરેલ હતી.






# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરના દીપાવલી સ્નેહમિલનમાં આજીવન કંદમૂળ ત્યાગી તપસ્વીઓનું સન્માન કરાયું









કંદમૂળ ત્યાગ કરનાર તપસ્વીઓની નામાવલિ શ્રી કિશોર મેઘજી મોતા, સૌ.કાશ્મીરા કિશોર મોતા, શ્રી મહેન્દ્ર પાનાચંદ લોડાયા, સૌ.પ્રભા મહેન્દ્ર લોડાયા, શ્રી ધવલ મહેન્દ્ર લોડાયા, સૌ. રુહી ધવલ લોડાયા, ચિ.શૌર્યા ધવલ લોડાયા, ચિ.કાર્વી ધવલ લોડાયા, સૌ.લતા મહેશ શાહ, શ્રી વાલજી ખેતશી જીવાણી, સૌ.પ્રવીણા સતીશ છેડા, સૌ.રાજુલા ભૂપેશ શાહ-ધમતરી, માતુશ્રી સુરેખા બંકિમચંદ શાહ-ધમતરી, માતુશ્રી સુશીલા વીરચંદ વિકમશી, માતુશ્રી પ્રેમીલાબેન ચાંપશી નાગડા, માતુશ્રી ગુણવંતી ખીમજી મૈશેરી, શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, સૌ. મીના ઉત્તમચંદ મૈશેરી, ચિ. પ્રિયાંશ મિલન મૈશેરી, સૌ. મિત્તલ નિખિલ નાગડા, ચિ.જિયા નિખિલ નાગડા, સૌ. ભાવના કીર્તિ પોલડિયા, ચિ. કિરણ કીર્તિ પોલડિયા, શ્રી મોતીચંદ કમરશી શાહ, સૌ. રૂપાલી લિતેશ મોતા-ભિલાઈ.

પ.પૂ.સાધ્વીશ્રી માર્ગદર્શિતાશ્રીજી મ.સા.ના સંસારિક પરિવાર એટલે કે માતુશ્રી ભીમલતાબાઈ પાનાચંદ લોડાયા પરિવાર તેરા-રાયપુર. સંપૂર્ણ પરિવાર કંદમૂળ ત્યાગી છે. જન્મથી પ.પૂ.સાધ્વી મ.સા.ના સંસારિકભાઈ કંદમૂળ ત્યાગી છે.





# નવી મુંબઈ સંઘમાં ગુરૂ સમર્પણ ઉત્સવ કાર્યક્રમનું આયોજન ભવ્યતાથી સંપન્ન થયો






સેટેલાઈટ સિટીની ઓળખ ધરાવતા નવી મુંબઈ નગરના શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘ મધ્યે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં પ.પૂ. ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા.ની ગણી પદવી તિથિના અનુમોદનાર્થે ગુરૂ સમર્પણ ઉત્સવ કાર્યક્રમનું આયોજન ભવ્યતાથી થયું હતું. મોટી સંખ્યામાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહી ગુરૂ મહારાજના વ્યાખ્યાન વાણી અને વંદના લાભ લઈ ધન્યતા અનુભવી હતી.








## પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરસાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૧ વર્ષમાં પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૪૦ની કારતક વદ ૫ તિથિએ કોઠારાના માવિત્ર જયાબેન લીલાધર લખમશી દંડની લાડકાવાઈ દીકરી સંયમ પથ સ્વીકારી વરાડીયા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી અને ગુરૂ પ.પૂ. સાધ્વીશ્રી વિશ્વદર્શનાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સા.શ્રી મુક્તિરસાશ્રીજી મ.સા. તરીકે ઓળખ પામ્યા.

વિક્રમ ૨૦૮૦ના કારતક વદ પાંચમ દિને પૂજ્ય સાહેબજી દીક્ષા જીવનના ૪૦ વર્ષ પૂર્ણ કરી ૪૧મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો. ત્યારે આગામી સંયમ જીવન તપ, ત્યાગ અને આરાધના અને ભવ્ય ધર્મ ભાવ સાથે સુવર્ણ, હીરક, અમૃતને વળોટી શતવર્ષ શિખરે બિરાજે એ ભાવના, કામના સાથે વંદના.

# નાંદેડ સંઘમાં સાધ્વી મહારાજ સાહેબ આદિ ઠાણા ૪ના ઠાણાઓ ઠાણા થયાં


મહારાષ્ટ્ર રાજ્યના ગોદાવરી નદી તીર્થ તટે વિકસીત નગર નાંદેડ મધે શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪ના ચાતુર્માસ પરિવર્તન બાદ શા.ગોવિંદજી આણંદજી નાગડા તેરા-નાંદેડ દ્વારા જયંતિલાલભાઈના નિવાસ સ્થાને ઠાણા ઉ ઠાણા કરવા પધરામણી કરેલ. આ પ્રસંગે સંઘના શ્રાવક શ્રાવિકાઓની બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી તે સૌ માટે નવકારશી પણ રાખવામાં આવેલ.




# સુથરી તીર્થે મહારાજ સાહેબોનું ચાતુર્માસ પરિવર્તન થયું




શ્રી અબડાસા તાલુકાના સુથરી નગર તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીજી શ્રી ઋતુપ્રજ્ઞાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ પરિવર્તન થયું. સંઘના ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓ ભાવપૂર્વક સાહેબોની વંદના કરી ધન્ય ધન્ય થયા હતા.



# રાયપુર સંઘમાં શ્રી શત્રુંજય મહાતીર્થ ભાવયાત્રાનું આયોજન થયું





શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા રવિવાર, તા.૨૬ નવેમ્બર કારતક સુદ પૂર્ણિમાના શુભદિને શ્રી શંત્રુજ્ય મહાતીર્થ ભાવયાત્રાનું ધર્મભાવપૂર્વક આયોજન વિવિધલક્ષી હોલમાં કરાયું. ભાતાના લાભાર્થી માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર) હતા. સાંજે ચૌમાસી પ્રતિક્રમણ રાખવામાં આવેલ.

# બીજાપુર સંઘમાં કાર્તિક પૂર્ણિમાની ધર્મ આરાધના ભાવપૂર્વક થઈ





કર્ણાટક રાજ્યના બીજાપુર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ની નિશ્રામાં કાર્તિક પૂર્ણિમા નિમિત્તે ધર્મ આરાધના ભાવપૂર્વક થઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ભક્તિ ભાવથી જોડાઈ ધન્ય લાભ લીધો હતો.





# ચાલીસગામ સંઘમાં મુમુક્ષુ રાજેશભાઈ મોમાયાનું બહુમાન કરાયું





મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંત વિભાગના ચાલીસગામ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં મુમુક્ષુ રાજેશભાઈ મોમાયાનું બહુમાન કરાયું હતું.

---

# સાંયરા ખાતે શ્રી અંબાજી માતાના પુનઃનિર્મિત મંદિરની પ્રતિષ્ઠા કરાઈ

અબડાસા કચ્છ વિભાગના સાંયરા નગર ખાતે શ્રી અંબાજી માતાના સંપૂર્ણ રીતે પુનઃનિર્માણ કચ્છ બારોઈના ખોના પરિવાર દ્વારા ચાર માસના સમયગાળામાં માર્બલના વ્યાપક ઉપયોગ સાથે કરાયો છે. સમગ્ર મંદિરનો વિકાસ ખર્ચ શ્રીમતી કોકિલાબેન શરદ ખોના માટુંગા દ્વારા થયો છે.





આ ભવ્ય અને રમણીય મંદિરની પ્રતિષ્ઠા તા.૨૩ નવેમ્બર ગુરૂવારના રોજ ખોના પરિવાર સાથે સાંયરા ગામવાસીઓની વિશાળ ઉપસ્થિતિમાં અદ્‌ભૂત ધર્મ ભાવ સાથે હર્ષોલ્લાસથી કરવામાં આવી હતી.

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Address: B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# પૂજ્ય સાધ્વી મહારાજ સાહેબોનું પારોલા તીર્થથી અમલનેર તરફ વિહાર





પારોલા કચ્છી દશા ઓસવાલ જૈન સંઘમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા. પારોલા સંઘને ચાતુર્માસનો ભવ્ય ધર્મલાભ આપી ચાતુર્માસ પરિવર્તન કરતા પારોલથી અમલનેર તરફ વિહારનો પ્રારંભ કર્યો. તે અવસરે ઉપસ્થિત ભાવિકજનો ભાવ વિહોર નયને સાહેબોને વંદના કરી ધન્યતા અનુભવી હતી

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ઝવેરચંદભાઈ બોરીચા**
તા.૨૫ નવેમ્બર (ઉ.૮૫)
બાયઠ-ભુજ



**ચંદનબેન લોડાયા**
તા.૨૬ નવેમ્બર (ઉ.૮૧)
રાપરગઢવાળી-ઉમરગામ



**ભારતીબેન લોડાયા**
તા.૨૯ નવેમ્બર (ઉ.૭૨)
સાંયરા-ડોંબિવલી



**રેવંતીબેન લોડાયા**
તા.૩૦ નવેમ્બર (ઉ.૮૯)
પરજાઉ-ડોંબિવલી





**જસ્મીનાબેન દંડ**
તા.૩૦ નવેમ્બર (ઉ.૬૬)
સુથરી-ગદગ



**ગોવિંદજી ધરમશી**
તા.૧ ડિસેમ્બર (ઉ.૭૪)
નાની સિંધોડી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● કોઠારામાં વર્ષ ૧૯૮૫-૮૬થી ધમધમતા પશ્ચિમ કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘનું વાર્ષિક ટર્ન ઓવર રૂા.એક કરોડ સુધીનું છે. જિલ્લામાં તેના પાંચ કેન્દ્ર કાર્યરત છે. પાંચ એકરમાં ફેલાયેલા કોઠારા ખાદી કેન્દ્ર ઉપરાંત આરીખાણામાં ચરખા અને સૂતર ઉત્પાદન કેન્દ્ર આવેલું છે. કોઠારા વિસ્તારની ૫૦ મહિલાઓને ખાદી સંઘમાં રોજગાર મળી રહી છે. તેઓ ચરખા સૂતરનું કામ કરે છે. કોઠારા સંઘના પ્રાંગણમાં આશ્રમ શાળા ચલાવાય છે. જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યાં છે. આ શાળા રાજ્ય સરકારના સમાજ કલ્યાણ વિભાગ હસ્તક છે. કોઠારા ખાદી ગ્રામોદ્યોગ સંઘની મુખ્ય શાળા, કોઠારામાં છે. જ્યારે તેના પેટા કેન્દ્ર નખત્રાણા, વાંકુ, નલિયા, ગઢશીશા અને ભૂજમાં કાર્યરત છે.

● કચ્છની પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના કેટલાક ભ્રષ્ટ તત્વોની મિલી ભગતથી મોટા વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો ધોરી ધરાર વીજળી ચોરી કરતા હોવાનું કૌભાંડ બહાર આવ્યું છે. અબડાસાના મુખ્ય મથક નલિયામાં જખૌ રોડ પર એક સાથે બરફના ચાર કારખાનામાં રાજકોટથી આવેલી વિજિલન્સની ટીમે દરોડો પાડી રૂા.૩.૭૦ કરોડની વીજ ચોરી પકડી પાડી જે અબડાસાના ઈતિહાસમાં સૌથી મોટી વીજ ચોરી છે. આશાપુરા આઈસ ફેક્ટરી, મોમાય આઈસ ફેક્ટરી, કોટેશ્વર આઈસ ફેક્ટરી તથા ઉઠાર અલીમામદ જુમાના બરફ કારખાનામાં દરોડા પાડવામાં આવ્યા. ત્યારે આ ચોરી ખુલ્લી થઈ હતી.

● કચ્છ સત્યાગ્રહ મંડળના ૭૮ વર્ષીય પ્રમુખ કે.વી.ભાવસારનો શોખ જૂના ચલણી સિક્કા એકઠા કરવાનો છે. રાજાશાહી વખતના કે વર્તમાન સમયના ચાલુ ચલણમાં હોય એ સિક્કા તેમના આલ્બમમાં છે. તેમને વારસમાં મળેલ સોનાના સિક્કામાં ૧૦૦ કોરી, ૫૦ કોરીનો અને ૨૫ કોરીનો આખો એક સેટ છે જે ૧૫૦ વર્ષ જૂનો છે. જેની અત્યારે કિંમત રૂા.૧૦ લાખ જેટલી થાય છે. તેવી જ રીતે ચાંદીના પાંચ કોરી, અઢી કોરી, અઢી કોરી, એક કોરી, ત્રાંબાના ઢબુ, ઢીંગલા, આધિયો, પાયલો અને દોકડો જે ૮૦ થી ૧૦૦ વર્ષ જૂના છે તે ઉપરાંત ૧૯૫૦ના ગાંધીજીની છાપવાળો રૂપિયો, એક પૈસો, બે પૈસો, ત્રણ પૈસા ટકો અને આ નાના સિક્કા તેમના સંગ્રહમાં છે. કચ્છ સત્યાગ્રહ ૧૯૬૮માં થયેલ ત્યારે તેમને ૧ મહિનો ભાવનગરની જેલમાં કેદી તરીકે રહ્યાં હતા. ત્યારબાદ તેમનો છૂટકારો થયો તેના કાગળ પત્ર પોતાની પાસે છે. તેઓ ૪૦ વર્ષ શિક્ષણ વિભાગમાં નોકરી કરી હવે નિવૃત્ત છે. ૭૮ વર્ષની વયોવૃધ્ધ ઉંમર છતાં સ્ફૂર્તિ અને વિચારોમાં અડગતા અને મક્કમતા જોવા મળે છે.

● અંજારની ૧૧ વર્ષની અને છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી બાળ લેખિકા વાચા ઠક્કર લેખિત પુસ્તક 'સનાતન વર્ડ સર્ચ'નું વિમોચન ભાજપ પ્રદેશના જનરલ સેક્રેટરી રત્નાકરજી સાંસદ વિનોદભાઈ ચાવડા તથા જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ હરચંદ અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજ અને વરિષ્ઠ ધારાશાસ્ત્રી શંકરભાઈ સચદેના હસ્તે થયું. એક બાળક દ્વારા બાળકો માટે સનાતન વિષય પર સર્જનાત્મક પુસ્તક બને એ વિશિષ્ટ ઉપલબ્ધિ છે એવું ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું. પુસ્તક વિશે વાત કરતાં બાલ લેખિકા એ કહ્યું કે આ પુસ્તકમાં આપણી સનાતન સંસ્કૃતિ અને પૌરાણિક ઈતિહાસને આધારિત કોયડાઓ છે. મોબાઈલ અને પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવમાં ખોવાઈ ગયેલી, પેઢીને આ પુસ્તક ફરી ભારતીય મૂલ્યો અને સાહિત્ય સર્જન તરફ લઈ જાય એ જ મારો ઉદ્દેશ છે. તેથી જ પુસ્તક અંગ્રેજી ભાષામાં તૈયાર કર્યું છે. માતા ડૉ.પૂજા ઠક્કર અને ગીતકાર-સંગીતકાર પિતા ડૉ.કૃપેશ ઠક્કરે આ પુસ્તક ગિવ વાચા ફાઉન્ડેશનના ગ્લોબલ ક્લબ ફૂટ અવરનેસ પર્વ પ્રોજેક્ટને સમર્પિત હોવાનું જણાવ્યું હતું.

DON'T
# Compromise!




Portability Benefits Available



## COMPARE, SCRUTINIZE & DECIDE

Karani

: For Details Contact Us :

YASHODHAN KARANI 98211 37737

DEEPAK KARANI 98210 82664

DEEPAK MOMAYA 93233 44737

KALPESH LODAYA 93248 33133

- ☑ Global Cover
- ☑ No Room Rent Restrictions
- ☑ Consumables Benefit Cover
- ☑ Maternity Cover
- ☑ Emergency Air Ambulance
- ☑ OPD Dental Treatment Upto 10000/-
- ☑ OPD Treatment Upto 5000/-
- ☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
- ☑ Road Ambulance 5000 per Hospitalisation
- ☑ Compassionate Travel Upto 20000
- ☑ High End Diagnostic upto 25000
- ☑ Bariatric Surgery Cover
- ☑ No Claim Bonus 50% every year upto 100%
- ☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy

*T & C APPLY

## insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA